નમૂનો ૧ –

અગ્રતા ક્રમ–: **૨**

વિભાગ :મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન* –: તારાંકિત પ્રશ્નક્રમાંક:૧૫/૪/૧૨૩

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

પ્રશ્નનું શિર્ષક –:ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અનો તેમનો મત વિસ્તાર :

શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ (ઉના)

**અગ્રતા ક્રમ : ૨**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક :૧૫/૪/૧૨૩**

| | | |
|---|---|---|
| | | મુખ્ય પેજ |
| મૂળ પ્રશ્ન | ગીરસોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી | |
| મૂળ જવાબ | ઉક્ત પ્રશ્નનો જવાબ | |
| | **પ્રશ્નનું હાર્દ :** | **પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી** |
| પ્રશ્ન–૧ | આ સમયગાળા દરમ્યાન કુલ કેટલીઓ અરજીઓ મળેલ છે ? | **શ્રી કાળુભાઇ ચનાભાઇ રાઠોડ (ઉના)** |
| પ્રશ્ન–૨ | આ હેતુ માટે જમીન ફાળવવાના ધોરણો / નોર્મસ શું છે ? | **શ્રી કાળુભાઇ ચનાભાઇ રાઠોડ (ઉના)** |
| પ્રશ્ન–૩ | મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ ના મંજુર/દફતરે કરવામાં આવેલ છે ? | **શ્રી જે.વી. કાકડીયા (ધારી)** |
| પ્રશ્ન–૪ | અરજીઓ નામંજુર /દફતરે થવાના કારણો ? | **શ્રી જે.વી. કાકડીયા (ધારી)** |
| પ્રશ્ન–૫ | ફાળવણી કરેલ જમીનો પૈકી કેટલી જમીન ગૌચર, ગામતળ અને સરકારી પડતર છે ? | **શ્રી પ્રદ્યુમનભાઇ વાજા (કોડીનાર)** |
| પ્રશ્ન–૬ | કઈ નીતિ અંતર્ગત ફાળવવામાં આવી તથા કઈ જોગવાઈ અંતર્ગત ફાળવવામાં આવી ? | **શ્રી પ્રદ્યુમનભાઇ વાજા (કોડીનાર)** |
| પ્રશ્ન–૭ | જમીન ફાળવવાની સત્તા કોને છે ? | |
| પ્રશ્ન–૮ | ગૌચર જમીન માટે ગૌચર ઘટ ના થાય તેના માટે કરેલ વ્યવસ્થા | |
| | માન. ધારાસભ્યશ્રીઓએ માન. મંત્રીશ્રીને પૂછવાના પ્રશ્નોની યાદી | |

# ગીરસોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી

તારાંકિત પ્રશ્ન | ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/123

વિષય:

ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 05/01/2024 | 29/01/2024 | 12/01/2024 |

*15/4/123 શ્રી કાળુભાઇ ચનાભાઇ રાઠોડ(ઉના )

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?

----

[મુખ્ય પેઇજ પર જાઓ]

# ઉક્ત પ્રશ્નનો જવાબ

No: RD/1365 ... -01-2024

ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી બાબત

* ૧૫/૪/૧૨૩ : માન.ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ (ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે – ૧, પેટા આરોગ્ય કેન્દ્ર માટે – ૧૫ તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે – ૨ મળીને કુલ ૧૮ અરજીઓ મંજુર કરવામાં આવી. |
| (૨) | મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી? | (૨) | ૨૦૫૮૦.૬૭૧ ચો.મી. |

RD/MPL/e-file/15/2024/0727/L (Land Encroachment)

ગૃહમાં જવાબ આપવાની તારીખ:- ૨૯/૦૧/૨૦૨૪

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૧/૨૦૨૪

પ્રતિ,

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર તેઓશ્રીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૨૩ ના અનુસંધાને વધારાની ત્રણ નકલો સાથે.

(ડી.આર.ભમ્મર)
સંયુક્ત સચિવ (જમીન)
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

- <u>નકલ રવાના</u>:-
- સેકશન અધિકારીશ્રી, બ-૧ શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- શાખા સિલેક્ટ ફાઈલ

Signature valid
Signed by:D R Bhammar
Joint Secretary
Date: 2024.01.25
18:41:23 +05:30

File No: RD/MPL/e-file/15/2024/0727/L (Land Encroachment)
Approved By: Minister,Minister Office-IMD,IMD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

2024.02.01 18:1

મુખ્ય પેઇજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૨

**પ્રશ્નનું હાર્દ :**

સરકારના વિવિધ વિભાગો/ખાતાના વડાઓને સરકારી મકાનો, કચેરી, રોડ રસ્તા, પુલોના બાંધકામ માટે મહેસૂલ વિભાગના તા. ૨૩/૦૨/૨૦૨૨ના પરિપત્ર દ્વારા ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના વહીવટી હુકમ-(૩) હેઠળ જમીનની ફાળવણી ઝડપથી થાય અને ફાળવણીના ધોરણોમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી સુશાસનના ભાગરૂપે કાર્યવાહી આઇ.ઓ.આર.એ. પોર્ટલમાં ઓનલાઇન કરવામાં આવેલ છે.

કલેક્ટરશ્રીઓ વહીવટી હુકમ-(૩) હેઠળ એક હેક્ટર (૧૦,૦૦૦ ચો.મી.) ની મર્યાદામાં જમીન તબદીલી કરી શકે છે. ઉપરાંત, ગૌચર જમીનની ફાળવણી માટે સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહે છે.

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૨**

**વિધાનસભા તારાંકિત પ્રશ્નક્રમાંક:૧૫/૪/૧૨૩**

**ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.**

**માન. ધારાસભ્યશ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ**

| | |
|---|---|
| **પ્રશ્ન ૧** | આ સમયગાળા દરમ્યાન કુલ કેટલીઓ અરજીઓ મળેલ છે ? |
| **જવાબ** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે નીચે મુજબની અરજીઓ મળેલ છે. |

| સમયગાળો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | પેટા આરોગ્ય કેન્દ્ર | સામુહિક આરોગ્ય કેન્દ્ર | કુલ |
|---|---|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | ૦૨ | ૧૫ | ૦૨ | ૧૯ |
| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૫ |
| કુલ | **૦૩** | **૧૯** | **૦૨** | **૨૪** |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૨**

**વિધાનસભા તારાંકિત પ્રશ્નક્રમાંક:૧૫/૪/૧૨૩**

**ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.**

**માન. ધારાસભ્યશ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ**

| | |
|---|---|
| **પ્રશ્ન ૨** | આ હેતુ માટે જમીન ફાળવવાના ધોરણો / નોર્મસ શું છે? |
| **જવાબ** | ➢ સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ના ઠરાવની જોગવાઈ મુજબ નીચે મુજબના નોર્મસ નક્કી થયેલ છે.<br>➢ પેટા આરોગ્ય કેન્દ્ર માટે ૫૦૦ ચો.મી. જમીન<br>➢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ૧૦૦૦૦ ચો.મી. જમીન<br>➢ સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે ૧૦૦૦૦ ચો.મી. જમીન |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૨

**વિધાનસભા તારાંકિત પ્રશ્નક્રમાંક:૧૫/૪/૧૨૩**

**ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.**

## માન. ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા (ધારી)

| | |
|---|---|
| **પ્રશ્ન ૩** | મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ નામંજુર /દફતરે કરવામાં આવેલ છે? |
| **જવાબ** | ઉક્ત મળેલ અરજીઓ પૈકી નીચે મુજબની અરજીઓ નામંજુર /દફ્તરે કરવામાં આવેલ છે. |

| સમયગાળો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | પેટા આરોગ્ય કેન્દ્ર | સામુહિક આરોગ્ય કેન્દ્ર | કુલ |
|---|---|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૫ |
| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| કુલ | ૦૨ | ૦૪ | ૦૦ | ૦૬ |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૨

## વિધાનસભા તારાંકિત પ્રશ્નક્રમાંક:૧૫/૪/૧૨૩

## ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.

## માન. ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા (ધારી)

| પ્રશ્ન ૪ | અરજીઓ નામંજુર /દફતરે થવાના કારણો? |
|---|---|

**જવાબ**

| ક્રમ | અરજદાર | ગામ / તાલુકો | હેતુ | સ.નં./ક્ષેત્રફળ | નામંજુર / દફતરે ના કારણો |
|---|---|---|---|---|---|
| ૧ | તાલુકા હેલ્થ ઓફીસરશ્રી કોડીનાર | દેવળી, કોડીનાર | પેટા આરોગ્ય કેન્દ્ર | સ.નં .૯૯૯ ૫૦૦ ચો.મી. | સ.નં.૯૯૫ના બદલે જમીન સ.નં.૯૯૯ની માંગણી કરેલ હોય જેથી સ.નં .માં ભુલ છે |
| ૨ | તાલુકા હેલ્થ ઓફીસરશ્રી વેરાવળ | ભાલપરા, વેરાવળ | પેટા આરોગ્ય કેન્દ્ર | સ.નં.૧૯ ૫૦૦ ચો.મી. | માંગણી વાળી જમીન ગૌચર સદરની હોય, અરજદાર સંસ્થા દ્વારા ગ્રામ પંચાયતનો સરકારી પડતર જમીન ગૌચર સદરે નીમ કરવા અંગેનો ઠરાવ રજુ કરેલ નથી. |
| ૩ | તાલુકા હેલ્થ ઓફીસરશ્રી વેરાવળ | ભાલપરા, વેરાવળ | પેટા આરોગ્ય કેન્દ્ર | સ.નં. ૩૦૦/૧/ પૈ.૧ ૫૦૦ ચો.મી. | માંગણી વાળી જમીન ખાનગી માલીકીની જગ્યા હોવાથી |
| ૪ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ગીર સોમનાથ | ઉના, ઉના | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ટી.પી. સ્કીમ નં. ૩ પ્લોટ નં. ૭૯ ૨૫૦૦ ચો.મી. | ઉનાની ટી.પી .સ્કીમ નં.૩ના ફાઈનલ પ્લોટ નં.૭૯ની નગરપાલીકાની માલીકીની જમીન આવેલ છે. |
| ૫ | તાલુકા હેલ્થ ઓફીસરશ્રી કોડીનાર | પણાંદર, કોડીનાર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | સ.નં. ૭૧૦/પૈ.૩ ૨૫૦૦ ચો.મી. | અરજદારશ્રીએ તા.૧૭/૧૧/૨૧ના પત્રથી સદરહુ માંગણી દફતરે કરવા મામલતદારશ્રી કોડીનારને સંબોધિને રજુઆત કરેલ છે. |
| ૬ | તાલુકા હેલ્થ ઓફીસરશ્રી વેરાવળ | ડારી, વેરાવળ | પેટા આરોગ્ય કેન્દ્ર | સ.નં. ૧૫૯/પૈ. ૨ ૫૦૦ ચો.મી. | અરજદારશ્રીએ માંગણીની અરજી દફતરે કરવા તથા નવુ સ્થળ નકકી થયેથી જમીન મળવા અંગે નવેસરથી અરજી કરવામાં આવશે તેમ જણાવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૨**

**વિધાનસભા તારાંકિત પ્રશ્નક્રમાંક:૧૫/૪/૧૨૩**

**ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.**

# માન. ધારાસભ્યશ્રી પ્રદ્યુમનભાઇ વાજા (કોડીનાર)

| | |
|---|---|
| **પ્રશ્ન ૫** | ફાળવણી કરેલ જમીનો પૈકી કેટલી જમીન ગૌચર, ગામતળ અને સરકારી પડતર છે? |
| **જવાબ** | ફાળવણી કરેલ જમીનોની વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | જમીનની વિગત | ક્ષેત્રફળ (ચોરસ મીટર) |
|---|---|---|
| ૧ | ગૌચર | ૮૩૯૬.૨૩૧ ચો.મી. (આઠ હજાર ત્રણસો છન્નું ચોરસ મીટર) |
| ૨ | ગામતળ | ૧૬૧૦.૨૦ ચો.મી. (એક હજાર છસો દસ ચોરસ મીટર) |
| ૩ | સરકારી | ૧૦૫૭૪.૨૪ ચો.મી. (દસ હજાર પાંચસો ચુમોત્તેર ચોરસ મીટર) |
| કુલ | | ૨૦૫૮૦.૬૭૧ ચો.મી. (વીસ હજાર પાંચસો એસી ચોરસ મીટર) |

[મુખ્ય પેજ પર જાઓ]

# અગ્રતા ક્રમ : ૨

**વિધાનસભા તારાંકિત પ્રશ્નક્રમાંક:૧૫/૪/૧૨૩**

**ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.**

## માન. ધારાસભ્યશ્રી પ્રદ્યુમનભાઇ વાજા (કોડીનાર)

| | |
|---|---|
| **પ્રશ્ન ૬** | કઈ નીતિ અંતર્ગત ફાળવવામાં આવી તથા કઈ જોગવાઈ અંતર્ગત ફાળવવામાં આવી? |
| **જવાબ** | ➢ ગુજરાત જમીન મહેસૂલ નિયમો –૧૯૭૨ના વહીવટી હુકમ –૩ તળે જમીન વર્ગ ફેર કરવામાં આવેલ છે.<br>➢ સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ના ઠરાવથી થયેલ જોગવાઈ મુજબ સરકારી જમીન ફાળવવામાં આવે છે તથા ગૌચરની જમીન અંગે સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૫ તેમજ તા.૦૯/૦૪/૨૦૧૬ની ગૌચર નીતિ મુજબ મહેસૂલ વિભાગની પૂર્વ પરવાનગી મેળવી જમીન ફાળવવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૨

**વિધાનસભા તારાંકિત પ્રશ્નક્રમાંક:૧૫/૪/૧૨૩**

**ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.**

### માન. ધારાસભ્યશ્રી

| | |
|---|---|
| **પ્રશ્ન ૭** | જમીન ફાળવવાની સત્તા કોને છે? |
| **જવાબ** | ➢ ગુજરાત જમીન મહેસૂલ નિયમો – ૧૯૭૨ના વહીવટી હુકમ ૩ તળે જમીન વર્ગ ફેર કરવાના અધિકાર કલેકટરશ્રી ના છે.<br>➢ સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ના ઠરાવથી થયેલ જોગવાઈ મુજબ પેટા આરોગ્ય કેન્દ્ર માટે ૫૦૦ ચો.મી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ૧૦૦૦૦ ચો.મી. તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે ૧૦૦૦૦ ચો.મી. સરકારી જમીન વહીવટી હુકમ –૩ તળે તબદિલ કરવાના અધિકાર કલેકટરશ્રીને પહોંચે છે તેથી વધુ જમીનની માંગણી હોય તો તે અંગેના અધિકાર સરકારશ્રીને પહોંચે છે.<br>➢ સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૫ તેમજ તા.૦૯/૦૪/૨૦૧૬ની ગૌચર નીતિ મુજબ ગૌચરની જમીન ફાળવવાની સત્તા સરકારશ્રીના મહેસૂલ વિભાગ હસ્તક છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૨

**વિધાનસભા તારાંકિત પ્રશ્નક્રમાંક:૧૫/૪/૧૨૩**

**ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.**

## માન. ધારાસભ્યશ્રી

| | |
|---|---|
| **પ્રશ્ન ૮** | ગૌચર જમીન માટે ગૌચર ઘટ ના થાય તેના માટે કરેલ વ્યવસ્થા? |
| **જવાબ** | ➢ સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૫ તેમજ તા. ૦૯/૦૪/૨૦૧૬ના ઠરાવથી અમલમાં આવે નવી ગૌચર નીતિ મુજબ ગૌચરની જમીન ફાળવવામાં આવે તેની સામે તેટલી જ સરકારી જમીન ગૌચર સદરે નીમ કરવામાં આવે છે. જેથી ગૌચરની ઘટ પડતી નથી. |

મુખ્ય પેજ પર જાઓ

**તા. ૦૧–૦૩–૨૦૨૩ અગ્રતા ક્રમાંક : ૦૨**

## માન. મંત્રીશ્રી– મહેસૂલ વિભાગ

માન. ધારાસભ્યશ્રીઓએ માન. મંત્રીશ્રીને પૂછવાના પ્રશ્નોની યાદી:-

| ક્રમ | અગ્રતા ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન |
|---|---|---|---|
| ૧ | ૨ | શ્રી કાળુભાઇ ચનાભાઇ રાઠોડ (ઉના) | ૨ |
| ૨ | ૨ | શ્રી જે.વી. કાકડીયા (ધારી) | ૨ |
| ૩ | ૨ | શ્રી પ્રદ્યુમનભાઇ વાજા (કોડીનાર) | ૨ |

મુખ્ય પેજ પર જાઓ